ધાર્મિકકુમાર ભરતભાઇ શાહ

ભૂતપૂર્વ વિદ્યાર્થી સંગઠન - સેક્રેટરી

- 9898470460 - dharmikshah111@gmail.com

પ્રતિ શ્રી,

માનનીય આચાર્ય શ્રી, પ્રિય ગુરુજનો,

ગુજરાત કોમર્સ કોલેજ, અમદાવાદ

મારુ નામ - ધાર્મીકકુમાર ભરતભાઈ શાહ છે. મેં વર્ષ ૨૦૧૪ માં આપણી ગુજરાત કોમર્સ કોલેજ, એલિસબ્રિજ - અમદાવાદ સંસ્થા માંથી અભ્યાસ પૂર્ણ કર્યો. કોલેજ દ્વારા ઉત્તમ શિક્ષણ ઉપરાંત સેવાકીય ક્ષેત્ર, કલા ક્ષેત્ર, અને લિડરશિપના ઘણા એવા પાઠ શીખ્યો, જેથી હું કોલેજ ને દિલથી માતૃ સંસ્થા માનું છું.

કોલેજના અભ્યાસ દરમિયાન મને પ્રથમ વર્ષ માં એક્ટિવ વિદ્યાર્થી તરીકે પસંદગી થઈ, અભ્યાસના પ્રથમ વર્ષે મને (C.R) Class Representative તરીકે નિમણુંક કરવામાં આવી, કોલેજ માં મારી સ્કિલ આવડત, લિડરશિપ, મારુ ઘડતર સારું થયું, આ ઉપરાંત કોલેજ ના N.S.S - યુનિટ રાષ્ટ્રીય સેવા યોજનામાં જોડાયા પછી મારી આવડત દિન પ્રતિદિન સૌના માર્ગદર્શન મુજબ વધતી રહી, કોલેજ માં 1 વર્ષ C.R અને 2 વર્ષ C.G.S - Cultural General Secretary તરીકે અને સક્રિય N.S.S ના સ્વયં સેવક તરીકે કામગીરી કરી, જેથી મને ખુબ શીખવા મળ્યું, આ સાથે મને ફોટોગ્રાફી ક્ષેત્ર માં ખૂબ રસ હોઈ કોલેજ દરમિયાન પણ કોલેજની પ્રવૃત્તિઓ, કાર્યક્રમોની પણ ફોટોગ્રાફી કરતો, આ તમામ પ્રકાર ની આવડત અનુભવ અને દરેક ગુરુજન દ્વારા ખૂબ શીખવા મળ્યું, અને સારા કાર્ય કરવા પ્રત્યે પ્રેરણા મળતી રહી. ગુજરાત કોલેજ ના ભુતપૂર્વ વિદ્યાર્થી સંગઠનના પણ સક્રિય સભ્ય હોઈ અનેક માર્ગદર્શન મેળવ્યા, GCCAA ની સ્થાપના દરમિયાન મારી ટ્રસ્ટી તરીકે નિમણુંક કરવામાં આવી, ત્યારબાદ ચેરિટી કમિશનર ઓફીસ દ્વારા મને ડેઝીગ્રેશન અપાવવામાં આવ્યું, અત્યારે હું આપણી સંસ્થા ના ભૂતપૂર્વ વિદ્યાર્થી સંગઠન માં સેક્રેટરી પદ પર મારી નિઃસ્વાર્થ ભાવે સેવા આપું છું, સંગઠન વધુ મજબૂત બને અને દરેક નવા જુના વિદ્યાર્થીઓને અનેક પ્રકારે લાભ થાય તે માટે પ્રયાસો કરી જોડી રહ્યો છું.

આજે હું આર્થિક ઉપાર્જન ની પ્રવૃત્તિ સાથે સાથે સામાજિક પ્રવૃત્તિ નું કાર્ય પણ કરું છું. હું આપણાં ગુજરાત પોલીસ વિભાગ માં C.I.D CRIME & RAILWAYS, F.F.W.C માં મારી ફરજ બજાવુ છું, જેમાં મારી 14બ્રિગેડ નિર્ધારિત કરવામાં આવી છે, આ અંતર્ગત હું મારી કામગીરી કરું છું. પોલીસ વિભાગ સાથે રહી ગુમ થનાર બાળકો, મહિલાઓ અને વડીલો ને શોધી પરિવાર સાથે પુનઃ મિલન કરાવ્યા છે. હાલમાં રથયાત્રા 2023 દરમિયાન C.I.D CRIME & RAILWAYS, FFWC ની અમારી ટિમ દ્વારા ગુમ થયેલ 65 થી વધુ લોકો નું પરિવાર સાથે સુખદ પુનઃમિલન કરાવ્યું હતું, આ બાબતની ખાસ નોંધ ગુજરાતના ગૃહ રાજયમંત્રી " શ્રી હર્ષભાઇ સંઘવી " એ પણ લીધી હતી. ગુજરાત પોલીસ વિભાગ ના વડા મહાનિર્દેશકશ્રી દ્વારા મને જાહેરમાં પ્રસંશાપત્ર દ્વારા સન્માન કરવામાં આવ્યું, મહિલા અને બાળમિત્રો અંતર્ગત બ્રિગેડ મુજબ ના ઉત્તમ કાર્યો કર્યા છે, જુવેનાઈલ જસ્ટિસ એકટ મુજબ બાળ મજૂરો ને મજરીકામ થી મુક્ત કરાવ્યા છે, તે ઉપરાંત તેમની માટે સંરક્ષણ ગૃહ માં તેમના શિક્ષણ, વિકાસ માટે વ્યવસ્થા કરાવી છે. સાથે સામાજિક કાર્યો, જાગૃતતા માટે ના કાર્યો કર્યા છે.

સેવાકિય પ્રવૃત્તિઓ માં સહાયક તરીકે અનેક કાર્યો કર્યા છે. એનિમલ હેલ્પ, બર્ડ કેમ્પ, રક્તદાન શિબિર, જાગૃતતા અભિયાન, કોરોના કાળ દરમિયાન અનેકવિધ સેવાઓ, સાથે મહિલા અને બાળમિત્ર, મહિલા અભ્યામ, ઇમરજન્સી વિભાગ, સિવિલ ડિફેન્સ વિભાગ માં કાર્ય અને સેવાઓ આપી છે. ભારત સરકાર ના Ministry of Youth Affairs and Sports વિભાગ દ્વારા આયોજિત SOB - " સ્પેશિયલ ઓલમ્પિક ભારત " ને સફળ બનાવવા કામગીરી કરેલ જેમાં ગુજરાત સરકાર ના આયોજિત આ કાર્યક્રમ ને Guinness World Records માં સ્થાન મળ્યું છે. ભારત ચૂંટણી પંચ દ્વારા આયોજિત થતા મતદાન અંતર્ગત જાગૃતતા ના કાર્યો પ્રત્યે સન્માન મેળવ્યું હતું. તે ઉપરાંત વિધાનસભા ચૂંટણી અંતર્ગત 2 વાર ડ્યુટી આપવામાં આવેલ હતી.

મારા વ્યવસાયિક ક્ષેત્ર ફોટોગ્રાફી - વીડિયોગ્રાફી - સિનેમેટોગ્રાફી ક્ષેત્ર માં પ્રશંસનીય કામગીરી કરીછે. ફોટોગ્રાફી ક્ષેત્રે અનેક વિશિષ્ટ કાર્યો કર્યા છે, સરકારી પ્રોજેક્ટ માં પણ ઉત્તમ કામગીરી ની નોંધ લેવાઈ છે. ગુજરાત ટુરિઝમ ના પણ કાર્યો કર્યા છે સાથે ગુજરાત ફિલ્મ જગત માં પણ બેસ્ટ ફોટોગ્રાફી, સિનેમેટોગ્રાફી અંતર્ગત નામના મેળવી છે ઉપરોક્ત મારા દરેક કાર્ય પ્રવૃત્તિ માં મને હંમેશા મારા ગુરુજનો દ્વારા પ્રેરણા અને આશીર્વાદ મળ્યા છે.

આજે મારી આગવી ઓળખ ગુજરાત કોલેજ દ્વારા પ્રાપ્ત થઈ છે જેથી હું ખૂબ ગર્વ ની લાગણી અનુભવુ છું. અને સૌનો આભાર માનું છું. જે કાંઈ વિશિષ્ટ ઓળખ પ્રસિદ્ધ પ્રાપ્ત કરી છે તે માટે મારા માતા-પિતા, ગુજરાત કોલેજ, ગુરુજનો, સંગઠન અને પ્રિયમિત્રો નો ખુબ સાથ સહકાર રહ્યો છે. અને હું હંમેશા માતૃ સંસ્થા નો આભારી અને ઋણી છું.

